GJAR060014842025

Presented on : 31-12-2025
Registered on : 31-12-2025
Decided on : 11-08-2026
Duration : 11D-07M-00Y

IN THE COURT OF
PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C AT ,ARAVALLI
Presided Over by MR.A.A.JANI

RCS/32/2025
Exhibit No.:

પટેલ મેહુલકુમાર મહિપતરામ,
ઉ.વ.૪૦, તે મેનેજરશ્રી, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા,
ધનસુરા શાખા, મુ. ધનસુરા.
તા.ધનસુરા જી.અરવલ્લી. .... વાદી

–:: વિરૂધ્ધ ::–

સોલંકી મોનાજી સોમાજી,
ઉ.વ.આ.પુ.વયના, ધંધો– ખેતી,
રહે.અમરાપુરા પો.રામપુર–વડાગામ, તા.ધનસુરા, જિ.અરવલ્લી.
.....પ્રતિવાદી.નં.૧

સોલંકી મુકેશજી પ્રતાપજી,
ઉ.વ.આ.પુ.વયના, ધંધો– ખેતી,
રહે.અમરાપુરા પો.રામપુર–વડાગામ, તા.ધનસુરા, જિ.અરવલ્લી.
.....પ્રતિવાદી.નં.૨

દાવો :– કે.સી.સી.કલમ–૯ તથા ૨૬ મુજબ પ્રતિવાદી પાસેથી બેંકની લેણી રકમ રૂા. ૫,૮૩,૪૯૮/– પૈસા વસુલ મેળવવા બાબત.

વાદી તરફે : વિ.વ.શ્રી. એન.સી.પટેલ
પ્રતિવાદી તરફે :– કોઇ નહી.

:: ઠરાવ ::

(૧). વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, અમો વાદી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એ નામથી રજીસ્ટર થયેલ ઈન કોર્પોરેટ સંસ્થા છીએ અને બેન્કીંગને લગતુ કામકાજ કરીએ છીએ. જેની વડી કચેરી મુંબઈ મુકામે આવેલ છે. જેની પ્રાદેશીક હેડ ઓફીસ ગાંધીનગર મુકામે આવેલ છે અને ધનસુરા તાલુકાના ધનસુરા મુકામે તેની એક શાખા આવેલી છે. જે શાખા ખેતી વિષયક તેમજ લઘુ ઉદ્યોગ તથા વેપાર ધંધા અંગે ટુંકી અને મધ્યમ મુદતનું તેમજ પગારદારોને પર્સનલ લોનો આપવાનું કામકાજ કરીએ છીએ અને આપેલ ધીરાણ વસુલ કરવાનું કામકાજ કરીએ છીએ. તેમજ અમો વાદી બેંકમાં બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવીએ છીએ. આ કામના પ્રતિવાદીઓ ખેતી કરે છે અને પ્રતિવાદીઓને ખેતી કરવા માટે નાણાની જરૂરીયાત હોવાથી અમો વાદી સંસ્થામાં આવેલા અને ખેતી કરવા માટે કે.સી.સી. લોનની માંગણી અમો વાદી સંસ્થા પાસે કરેલી અને લોનના કામે પ્રતિવાદીઓ લોન અંગેના જરૂરી દસ્તાવેજો અમો વાદી સંસ્થાને પુરા પાડેલા જેવાકે લોન અરજી, એરેજમેન્ટ લોન તેમજ હાઈપોથીકેશન કરાર વિગેરે દસ્તાવેજો ઉપર પ્રતિવાદીઓએ સહીઓ કરી આપતા તેમજ પ્રતિવાદીઓએને તમામ દસ્તાવેજોની હકીકતો તેમજ શરતોની સમજ આપવામાં આવેલી અને તે મુજબ પ્રતિવાદીઓએ ની કે.સી.સી. લોન રૂ. ૪,૬૧,૯૦૦/- અંકે રૂપિયા ચાર લાખ એકસઠ હજાર નવસો પુરા તા.૦૨/૦૫/૨૦૧૯ ના રોજ મંજુર કરેલી અને લોનના તમામ દસ્તાવેજો ઉપર પ્રતિવાદીઓએ તા.૦૨/૦૫/૨૦૧૯ ના રોજ સહીઓ કરી આપેલી અને જે લોનનો ઉપાડ પ્રતિવાદીઓએ કરેલો જેનો લોન ખાતા નં. ૩૭૧૦૧૪૨૮૨૭૯ નો છે. પ્રતિવાદીઓએ અમો વાદી સંસ્થા પાસેથી મેળવેલ લોનની રકમ તથા વ્યાજ વાદી બેંકને નિયત સમય મર્યાદામાં વ્યાજ સહિત ભરપાઈ કરવાની હતી અને છે. વ્યાજનો દર બેંકના નિતી નિયમો મુજબ આવેલ છે. લોનની રકમ તથા લોનનું વ્યાજ તથા ઈસ્પેકશન ચાર્જ વિગેરે તમામ બાકી રકમ કે.સી.સી. લોનની શરતો મુજબ પ્રતિવાદીઓએ વાદી સંસ્થામાં ભરપાઈ કરવા બંધાયેલા છે. પ્રતિવાદીઓએ મેળવેલ કે.સી.સી. લોન ફરી ચાલુ કરાવવા અંગેના રીવાઈવલ લેટર તા.૦૪/૦૪/૨૦૨૨ તથા તા.૦૧/૦૫/૨૦૨૪ ના રોજ વાદી સંસ્થાને લખી આપેલ છે. પ્રતિવાદીઓ વાદી સંસ્થા પાસેથી મેળવેલ કે.સી.સી.

લોનની રકમ તથા વ્યાજ ભરવામાં ઘણા જ અનિયમિત છે. પ્રતિવાદીઓના લોન ખાતામાં તા.૨૪/૦૮/૨૦૨૫ ના રોજ કે.સી.સી. લોનની મુદ્દલ બાકી રકમ રૂ.૪,૮૩,૧૨૪/– અંકે રૂપિયા ચાર લાખ તેયાસી હજાર એકસો ચોવીસ પુરા તથા વ્યાજ રૂા.૧,૦૦,૩૭૪/– અંકે રૂપિયા એક લાખ ત્રણસો ચુમોતેર કુલ રકમ રૂપિયા ૫,૮૩,૪૯૮ /– અંકે રૂપિયા પાંચ લાખ તૈયાસી હજાર ચારસો અઠાણુ પુરા તથા દિન પ્રતિદિનનું ચડત વ્યાજ વાદી બેંકને પ્રતિવાદીઓ પાસે લેવાના બાકી નિકળે છે. પ્રતિવાદીઓ પાસે બાકી નિકળતી લોન તથા વ્યાજની રકમ ભરપાઈ કરવા વાદી બેંકે પ્રતિવાદીને પાસે લેખીત તેમજ મૌખીક માંગણીઓ કરેલી હોવા છતા તેમજ પ્રતિવાદીને એડવોકેટ મારફતે તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ લેખીત નોટીસ આપવા છતાં પ્રતિવાદીઓએ લોનની બાકી રકમ ભરપાઈ કરવા ગણકારતા નથી. જેથી સદર દાવો આપ નામ. કોર્ટમાં દાખલ કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે. પ્રતિવાદીઓએ લોન મેળવતા સમયે તેમની માલિકીના મોજે.અમરપુરા,તા.ધનસુરા સીમના ખાતા નંબર–૧૪૬ ના નીચે મુજબના સ.નં. બોજામાં વાદી બેંકને આપેલ છે. (૧) જુનો સ.નં.૪૬ અને નવો સ.નં .૧૫૮ તેનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી) ૦–૫૨–૫૬ તેનો આકાર ૦–૭૫, (૨) જુનો સ.નં.૪૪ અને નવો સ.નં.૧૭૨ તેનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી) ૦–૮૧ –૫૭ તેનો આકાર ૧–૦૫ અને (૩) જુનો સ.નં.૪૩ અને નવો સ.નં.૧૭૩ તેનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી) ૦–૨૯–૫૨ તેનો આકાર ૦–૩૫ જે વાદી બેંકને બોજામાં આપેલ છે. જેની બોજાની નોંધ નં.૭૬૦ તા.૨૩/૦૮/૨૦૧૭ ના રોજ પાડવામાં આવેલ છે.

(૨). દાવાના કામે પ્રતિવાદીને સમન્સની બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદી સદર કામે હાજર રહેલ ન હોય તા. ૧૧/૦૬/૨૦૨૬ ના રોજ પ્રતિવાદીનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ.

(૩). મુદ્દા પરત્વેના કારણોની ચર્ચા કરતા પહેલા દાવા કામે વાદીપક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

–:: મૌખિક પુરાવા::–

ક્રમ	વિગત	આંક
૧.	વાદી– પટેલ મેહુલકુમાર મહિપતરામનું સરતપાસનું સોગંદનામું	૧૧

–:: દસ્તાવેજી પુરાવા::–

ક્રમ	વિગત	આંક
૧.	પ્રતિવાદીએ વાદી બેંકમાં લોન મેળવવા કરેલ અરજી ફોર્મની નકલ અસલ	૧૩
૨.	પ્રતિવાદીએ વાદી બેન્કને કરી આપેલ લેટર ઓફ એરેજમેંન્ટની નકલ અસલ	૧૪
૩.	પ્રતિવાદીએ વાદી બેન્કને લોન મંજૂર થતાં કરી આપેલ હાઈપોથીકેશન કરાર અસલ	૧૫
૪.	પ્રતિવાદીઓએ તેમની લોન ફરી ચાલુ કરાવવા વાદી બેન્કને લખી આપેલ રીવાઈલ લેટર અસલ	૧૬
૫.	પ્રતિવાદીઓએ તેમની લોન ફરી ચાલુ કરાવવા વાદી બેન્કને લખી આપેલ રીવાઈલ લેટર અસલ	૧૭
૬.	પ્રતિવાદીના ૭/૧૨ અને ૮/અ ના ઉતારા.ખાતા.નં.૧૪૬	૧૮
૭.	પ્રતિવાદીએ લીધેલ લોનનો બોજો પડાવવાનું એકરારનામું અસલ	૧૯
૮.	પ્રતિવાદી લીધેલ લોનની બોજાની નોંધ નં.૭૬૦	૨૦
૯.	વકીલ મારફતે આપેલ નોટીસ	૨૧
૧૦.	આર.પે.એડી કર્યાની પાવતી	૨૨
૧૧.	આર.પે.એડી કર્યા ની પાવતી	૨૩
૧૨.	લોન ખાતા નો ઉતારો	૨૪
૧૩.	વિગતવાર લોનનો ઉતારો	૨૯

વાદી દ્વારા સદર કામે અન્ય કોઇ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક

– ૨૫ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ પુરાવાના સ્ટેજે પ્રતિવાદીઓ કે તેમના તરફે કોઇ હાજર રહેલ નથી.

(૪). વાદી વકીલશ્રીની દલીલ સાંભળવામાં આવેલ છે. જયારે પ્રતિવાદી તરફે કોઇ દલીલ રજુ કરેલ નથી.

(૫). આંક – ૦૯ થી નીચે મુજબની વિગતે મુદ્દા ઘડવામાં આવેલ છે.

૧) શું વાદી બેન્ક પુરવાર કરે છે કે, તેઓને આ કામના પ્રતિવાદી પાસેથી કે.સી.સી.ની લોનની લેણી રકમ રૂ.૫,૮૩,૪૯૮/– બાકી લેણા પેટે લેવાની નિકળે છે?

૨) શું વાદી વ્યાજ મેળવવા હકકદાર છે, હા તો કેટલું?

૩) શું વાદીનો દાવો સમય મર્યાદામાં છે?

૪) શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે?

૫) શું હુકમ અને હુકમનામું?

(૬). **::– મુદ્દાના નિર્ણય –::**

(૧) અંશત:હકારમા'

(૨) અંશત:હકારમા' ૬% લેખે

(૩) હકારમાં'

(૪) અંશત:હકારમા'

(૫) આખરી હુકમ મુજબ

:: મુદ્દા પરત્વેના કારણો ::

(૭). સાબીતી ના બોજા અંગેનો સુસ્થાપિત સિધ્ધાત એવો છે કે જે કોઇ વ્યકિત જે હકીકતનું પ્રતિપાદન કરતી હોય તેણે તેવી હકીકત સાબિત કરવી

જોઇએ. કોઇ બાબત અગર તો હકીકતોનુ એક વ્યકિત પ્રતિપાદન કરે અને બીજી વ્યકિત દ્વારા તેવી હકીકતોનો ઇન્કાર કરવામાં આવે ત્યારે પુરાવો હકારાત્મક હોય તે કારણે પ્રતિપાદન કરતી વ્યવિક્તએ તે હકીકત સાબિત કરવી પડે છે . તેવી વ્યકિત તે હકીકત સાબિત કરે અગર તો પ્રથમ દ્રષ્ટિએ તે હકીકત માનવા લાયક બનતી હોય, ત્યારે જે પક્ષ તેવી હકીકતનો ઇન્કાર કરતો હોય તેણે તેવી હકીકતનુ ખંડન કરતો પુરાવો આપવાનો રહે છે . કોઇપણ બાબતમાં નકારાત્મક પુરાવો હંમેશા શકય બનતો નથી, જેથી કોઇપણ હકીકતનું પ્રતિપાદન કરવામાં આવે ત્યારે તેવી હકીકતનુ અસ્તીત્વ પુરવાર કરવા માટે હકારાત્મક પુરાવાની અપેક્ષા રાખવામાં આવે છે . સાબિતીના બોજા અંગેની બીજી મહત્વની હકીકત એવી છે કે જે પક્ષકાર ઉપર કોઇ હકીકત કે મુદ્દો સાબિત કરવાનો બોજો હોય છે તે સાબિતીનો બોજો ન્યાયીક કાર્યવાહી દરમિયાન કયારેય પણ ખસતો નથી, પરંતુ તે અંગેની જવાબદારી ખસે છે. સાબિતીનો બોજો અને સાબિતીની જવાબદારી એ બંનેમાં એક નિશ્ચીત તફાવત છે. દિવાની કાયવાહી દરમિયાન પક્ષકારે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીની રૂએ એટલે કે હકીકતોની માત્ર સંભાવનાઓ જ દર્શાવવાની રહે છે . આ સંજોગોમાં વાદી જે હકીકતો સાથે આવેલ છે તેવી હકીકતો પુરવાર કરવાનો બોજો વાદી ઉપર રહે છે , અને આ બાબતે વાદીએ હકારાત્મક પુરાવો આપવાનો રહે છે . પુરાવાના મુલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનૂન સમર્થિત કોઇ નિયમ નથી. પુરાવાનુ મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત છે . પૂરાવાના મૂલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ-૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે . વધુમાં આ અદાલત એ હકીકતથી પણ સંપુણપણે વાકેફ છે કે પક્ષકારોએ દાવાના કામે રજુ કરેલ પ્લીડીંગ મુજબનો જ પુરાવો આપવાનો હોય છે.પ્લીડીંગમાં જે હકીકત સમાવિષ્ટ ન હોય તેનો પુરાવો પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ હોય તો પણ અદાલતે તેવા પુરાવાને ધ્યાને લેવાનો નથી.

(૮). નામ. સર્વોચ્ચ અદાલતે ***Rangammal Vs. Kuppus.wami & Anr, AIR 2011 SC page no.2344*** ઉપર પ્રસિધ્ધ ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલતે ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૧ ની ચર્ચા કરેલ છે , જે નીચે મુજબ છે.

> *Section 101 of the Indian Evidence Act, 1872 the Indian Evidence Act, 1872 defines `burden of the Indian Evidence Act, 1872 proof the Indian Evidence Act, 1872' which clearly lay s down that whosoever desires any court to give judgment as to any legal right or law dependent on the existence of the Indian Evidence Act, 1872 f the Indian Evidence Act, 1872acts which he asserts, must prove that those f the Indian Evidence Act, 1872acts exist. When a person is bound to prove the existence of the Indian Evidence Act, 1872 any f the Indian Evidence Act, 1872act it is said that the burden of the Indian Evidence Act, 1872 proof the Indian Evidence Act, 1872 lies on that person. Thus, the Evidence Act has clearly laid down that the burden of the Indian Evidence Act, 1872 proving f the Indian Evidence Act, 1872 act always lies upon the person who asserts. Until such burden is discharged, the other party is not required to be called upon to prove his case. The court has to examine as to whether the person upon whom burden lies has been able to discharge his burden. Until he arrives at such conclusion, he cannot proceed on the basis of the Indian Evidence Act, 1872 weakness of the Indian Evidence Act,*

1872 the other party .

(૯). વધુમાં પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ એવુ દર્શાવે છે કે જો કોઇએમ ઇચ્છતુ કે , તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઇ કાયદેસરના હક્ક અથવા જવાબદારી વિશે કોઇ બીજુ ન્યાયાલય ફેંસલો આપે તો તેણે સાબિત કરવુ પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. પુરાવા અધિનિયમની કલમ-૧૦૨ મુજબ આવી સાબિતિનો બોજો પ્રતિપાદિત કરનાર વ્યક્તિ ઉપર હોય છે.

(૧૦). પુરાવા અધિનિયમની કલમ-૧૦૩ એવુ જણાવે છે કે , કોઇ ચોક્કસ હકીકતનુ અસ્તિત્વ હોવાનુ ન્યાયાલય માને એમ જે વ્યક્તિ ઇચ્છતી હોય તેના ઉપર તે હકીકતની સાબિતીનો બોજો છે, સિવાય કે તે હકીકતની સાબિતીનો બોજો કોઇ ચોક્કસ વ્યક્તિ ઉપર રહેશે એવી કોઇ કાયદાથી જોગવાઇ કરવામાં આવેલ હોય.

(૧૧). નામ. સર્વોચ્ચ અદાલતે ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાત તેમજ કાનુની પરિસ્થિતિ ધ્યાને લેતા, જ્યારે વાદી ચોક્કસ હકીકત સાથે અદાલત સમક્ષ પોતાનો કેસ લઇને આવેલ હોય અને તેવી હકીકતના આધારે તે પોતાનો કેસ સાબિત કરાવી દાદ મેળવવા ઇચ્છતો હોય ત્યારે તેવી હકીકત સાબિત કરવાની જવાબદારી, કે તે અંગેનો ચોક્કસ પુરાવો આપવાની જવાબદારી વાદીની રહે છે.

(૧૨). તાજેતરમાં **Dhaval Enterprise Versus Gopal Industries 2023(0) AIJEL-HC 247490** ઉપર પ્રસિધ્ધ ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલતે ધી ભારતીય પુરાવા અધિનિયમની કલમ- ૧૦૧ અંગે ઉપર જણાવ્યા મુજબના રેશીયોને દોહરાવી નીચે મુજબનુ અવલોકન કરેલ છે.

"It is very well known principle that the party has

to succeed on its own strength and not on the weakness of the other side. Applying this principle, in the present case,burden of proving the suit transaction and the amount due to the petitioner will remain on the petitioner till the petitioner discharges. At this stage, Section 101 of the Indian Evidence Act, 1872, is worth considering. Section 101 of the Indian Evidence Act, 1972 reads as under:- 101. Burden of proof.- Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person. The said section defines burden of proof. The burden of proof lies on party who substantially asserts the affirmative averments. A party is bound to prove existence of any fact and the burden cannot be shifted. The burden of proof and the onus of proof are having distinct meaning in the law of evidence. Burden of proof lies upon a person who has to prove the fact and which never shifts whereas the onus of proof shifts. Such a shifting is a continuous process in the evaluation of evidence. The initial burden of proving a prima facie case is cast upon the plaintiff. The onus shift on the defendant to adduce rebating evidence to meet the case made out by the plaintiff."

(૧૩). નામ. સર્વોચ્ચ અદાલતે ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાત તથા કેસની હકીકતોને લક્ષમાં લઇ રજુ થયેલ પુરાવાનું સમગ્રતયાં

નીચે મુજબ વિશ્લેષણ અને મૂલ્યાંકન કરવામાં આવે છે.

મુદ્દા નં. ૧ થી ૫ પરત્વેના કારણો–

(૧૪). મુદા નં. ૧ થી ૫ નું ઘડતર જોતા તે સાબિત કરવાની જવાબદારી વાદી પક્ષે રહેલ છે. જે પુરવાર કરવા વાદીપક્ષે આંક – ૧૧ થી પટેલ મેહુલકુમાર મહિપતરામનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે, જેમાં દાવા મુજબની હકીકતો દહોરાવી દાવા અરજીને સમર્થન આપતી જુબાની આપેલ છે અને તેના સમર્થનમાં રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતા સદર હકીકતોના સમર્થનમાં વાદી પક્ષે આંક – ૧૩ થી પ્રતિવાદીએ વાદી બેંકમાં લોન મેળવવા કરેલ અરજી ફોર્મની નકલ અસલ રજૂ છે જે તા.૧૯/૦૮/૨૦૧૭ ના રોજ બ્રાન્ચ મેનેજરની સહી તથા સિક્કો છે. આંક– ૧૪ થી પ્રતિવાદીએ વાદી બેન્કને કરી આપેલ લેટર ઓફ એરેજમેંન્ટની નકલ અસલ રજૂ છે જેમાં પ્રતિવાદીઓની સહી તથા બ્રાન્ચ મેનેજરની સહી તથા સિક્કો છે. આંક – ૧૫ થી પ્રતિવાદીએ વાદી બેન્કને લોન મંજૂર થતાં કરી આપેલ હાઈપોથીકેશન કરાર અસલ રજૂ છે જેમાં પ્રતિવાદીઓની સહી છે. આંક – ૧૬ થી પ્રતિવાદીઓએ તેમની લોન ફરી ચાલુ કરાવવા વાદી બેન્કને લખી આપેલ રીવાઈલ લેટર અસલ રજૂ છે જેમા તા.૦૪/૦૪/૨૦૨૨ ના રોજની પ્રતિવાદીઓની સહી છે. આંક–૧૭ થી પ્રતિવાદીઓએ તેમની લોન ફરી ચાલુ કરાવવા વાદી બેન્કને લખી આપેલ રીવાઈલ લેટર અસલ રજૂ છે જેમા તા.૦૧/૦૫/૨૦૨૪ ના રોજની પ્રતિવાદીઓની સહી છે. આંક – ૧૮ થી પ્રતિવાદીના ૭/૧૨ અને ૮/અ ના ઉતારા.ખાતા.નં.૧૪૬ રજૂ છે. આંક – ૧૯ પ્રતિવાદીએ લીધેલ લોનનો બોજો પડાવવાનું એકરારનામું અસલ રજૂ છે જેમાં તા.૨૩/૦૮/૨૦૧૭ ના રેવન્યુ તલાટીની સહી તથા સિકકો છે અને તા.૧૯/૦૮/૨૦૧૭ ના રોજ બ્રાન્ચ મેનેજરની સહી તથા સિક્કો છે. આંક – ૨૦ થી પ્રતિવાદી લીધેલ લોનની બોજાની નોંધ નં.૭૬૦ રજૂ છે. આંક – ૨૧ થી વકીલ

મારફતે તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ આપેલ નોટીસ રજૂ છે તેમજ આંક –૨૨ થી આર.પે.એડી કર્યાની પાવતી રજૂ છે. આંક – ૨૩ થી આર.પે.એડી કર્યા ની પાવતી રજૂ છે. આંક – ૨૪ તથા ૨૯ થી લોન ખાતા નો ઉતારો રજૂ છે.

(૧૪.૧). પ્રતિવાદીએ લોનની માંગણી કરતા વાદી બેંકે પ્રતિવાદીને કે.સી.સી. લોન તા. ૦૨/૦૫/૨૦૧૯ ના રોજ રૂા. ૩,૮૧,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ એકયાસી હજાર પુરા ૧૨.૨૦% ના વ્યાજ સાથે વાર્ષિક લોન ધીરાણ આપેલ. આ ધિરાણ અંગેના જરૂરી દસ્તાવેજમાં પ્રતિવાદીએ પોતાની સહી કરી આપેલ છે. બાદમાં પ્રતિવાદીએ કરી આપેલ એગ્રીમેન્ટ મુજબ આ લોનની રકમ નિયમીત રીતે ચડત વ્યાજ સહીત તથા રીઝર્વ બેંક વખતોવખત નકકી કરે તે મુજબના ચડત વ્યાજ સહીત વાદી બેંકને ચુકવવા પ્રતિવાદી જવાબદાર થયેલ છે અને વાદી બેંકના લોનના ખાતા નં. ૩૭૧૦૧૪૨૮૨૭૯ છે. પ્રતિવાદીને આપવામાં આવેલ ધીરાણની રકમ પ્રતિવાદીએ નિયત મુદતમાં અને નિયત હપ્તામાં વ્યાજ સહીત વાદી બેંકને વસુલ આપવાની રહે છે. પરંતુ પ્રતિવાદીએ નિયમીત રીતે હપ્તાસર વસુલાત આપેલ નથી અને આ રીતે વાદી બેંક સાથેના કરાર તેમજ બેંક ધીરાણ અંગેના નિયમોનો પણ ભંગ કરેલ છે અને પ્રતિવાદીની બેદરકારી અને કસુરના કારણે વાદી બેંકની મોટી રકમનું રકમનું લેણું ચડત થયેલ છે. પ્રતિવાદી બેંક સાથેના કરાર મુજબ તેમજ રીઝર્વ બેંકના વખતોવખતના સરકર્યુલર અને આદેશ મુજબ ધીરાણની રકમ ઉપર વ્યાજની રકમ ચુકવવા પણ કાયદાની રૂએ જવાબદાર બનેલ છે. પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી મેળવેલ ધીરાણની રકમ નિયમીત રીતે વસુલ આપેલ નથી અને વાદી બેંક તરફથી અવારનવાર ઉઘરાણી કરવા છતાં પ્રતિવાદીએ તેમના ધિરાણખાતામાં બાકી નીકળતી રકમ વસુલ આપવામાં દરકાર કરેલ નથી. જેથી વાદી બેંકના એડવોકેટ મારફત લીગલ નોટીસ તા. ૨૮/૦૮/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ જે બજી જવા હોવા છતાં પ્રતિવાદીએ વાદી બેંકની લેણી નીકળતી રકમ કે કોઈપણ રકમ વસુલ આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આ રીતે પ્રતિવાદીએ ધીરાણ લેતા સમયે વાદી બેંક સાથે કરેલ લોન એગ્રીમેન્ટની

શરતોનો ભંગ કરેલ છે.

(૧૪.૨). હવે રેકર્ડ જોતા આંક ૨૯ વાળો પ્રતિવાદીના લોનનો ઉતારો ધ્યાને લેતા તા.૨૧.૦૮.૧૭ ના રોજ રૂા.૩,૧૦,૦૦૦/– પ્રતિવાદીના ખાતામાં જમા કરેલ છે. તેમજ પ્રતિવાદીએ તા. ૦૨.૦૫.૨૦૧૯ ના રોજ ફરીયાદી બેંક સાથે હાઈપોથીકેશન એગ્રીમેન્ટ કરેલ છે જેમાં આ કામના પ્રતિવાદીઓની સહી છે ત્યારબાદ આંક ૧૬ થી રજુ ફરી ચાલુ કરવા અં ગેનો પત્ર ફરીયાદી બેંકને ઉદેશીને લખેલ છે તે તા.૦૪.૦૪.૨૦૨૨ ના રોજનો છે અને તેમાં પ્રતિવાદીઓએ સહી કરી આપેલ છે ત્યારબાદ તા.૦૧.૦૫.૨૪ ના રોજ આ કામના પ્રતિવાદીઓએ બેંકને ફરી ચાલુ કરવા અંગેનો પત્ર કરેલ છે જેમા તા.૦૧.૦૫.૨૪ નો છે જેમાં આ કામના પ્ર તિવાદીએ રૂા.૪,૬૧,૯૦૦/– ના લેણા બાબતે આંક ૧૭ વાળો પત્ર કરેલ છે.હવે આંક ૨૯ વાળો લોનનો ઉતારો જોતા તેમા પ્રતિવાદીએ લોન પેટે રૂા.૪,૬૧,૦૦૦/– ઉપાડેલ છે અને ત્યારબાદ તા.૨૪.૦૬.૨૫ ના રોજ બાકી રહેતી રકમ રૂા.૪,૮૩,૧૨૪/– ની વાદી બેંકને લેણી નીકળે છે તેવુ જણાઈ આવે છે. વધુમા, આ કામના વાદી તા.૨૪.૦૬.૨૫ સુધીના રૂા.૪,૮૩,૧૨૪/ લેવા હકકદાર નીકળે છે તેવુ માની શકાય તેમ છે. આ કામના વાદીએ તા. ૩૦/૧૨/૨૦૨૫ ના રોજ હાલનો દાવો દાખલ કરેલ છે. પરંતુ સ્ટેટમેન્ટમા તા.૨૪.૦૬.૨૦૨૫ સુધીનું લેણું બતાવેલ છે. જેથી હાલના કામના વાદી આંક – ૨૯ ના સ્ટેટમેન્ટ મુજબ દાવા તારીખથી રૂા.૪,૮૩,૧૨૪/ ની રકમ મેળવવા હકકદાર હોય તેવુ સ્પષ્ટપણે જણાય આવે છે. જેથી **મુદ્દા નંબર ૧ નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે**.

(૧૫). વાદીએ પ્રતિવાદી પાસેથી બેંકના ધારાધોરણ મુજબ લેણી રકમ ઉપર ૧૨.૨૦% ના ચડત વ્યાજની રકમ વસુલ થાય ત્યાં સુધીના વ્યાજની માંગણી કરેલ છે. પરંતુ તે અંગે આર.બી.આઈ. ના કોઈ સર્કયુલર કે હુકમ

વિગેરે જેવા કોઈ દસ્તાવેજી આધાર વાદી બેન્ક ધ્વારા રજુ કરવામાં આવેલ નથી પરંતુ પ્રતિવાદી ધ્વારા ખોટી રીતે વાદી બેન્કની લેણી રકમ રોકી રાખેલ હોય તેમ પુરવાર થાય છે. આ સંજોગોમા કોર્ટ વાદી બેન્કની બાકી રહેતી લેણી રકમ ઉપર ૬ ટકા મુજબ વ્યાજ મંજુર કરવામાં આવે તો તેનાથી ન્યાયનો હેતું સચવાશે.જેથી **મુદ્દા નંબર ૨ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે**.

(૧૬). વધુમાં આંક ૧૭ થી રજુ દસ્તાવેજ ધ્યાને લેતા આ કામના પ્રતિવાદીએ રકમ રૂા.૪,૬૧,૯૦૦/ પુરા વાદી બેંકનું લેણું રહેતું હોવાનું અંગીકાર કરવામાં આવેલ છે. વધુમાં સમયમર્યાદા અધિનીયમ કલમ ૧૭ મુજબ આંક ૧૭ મુજબ તા.૦૧.૦૫.૨૦૨૪ ના રોજ લોન અંગેની સ્વીકૃતી કરી આપેલ હોવાથી સમય મર્યાદાની ગણતરી કરતા હાલનો દાવો ત્રણ વર્ષની મુદત અવધીમાં દાખલ થયેલ હોવાનું અદાલત માને છે. જેથી **મુદ્દા નંબર ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે**.

(૧૭). આમ, ઉપરોક્ત ચર્ચા મુજબ વાદીની લેણી રકમ રૂા.૪,૬૧ ,૯૦૦/ પુરા સાબિત થાય છે. જેથી તેઓ તે રકમ પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા હકકદાર બને છે. પરંતુ ઉપરોકત ચર્ચા મુજબ વાદી આ રકમ ૧૨.૨૦% ના વ્યાજ દરે નહી પરંતુ ૬% ટકાના દરે દાવો દાખલ થયાથી મેળવવા હકકદાર બનતા હોવાથી, દિવાની કાર્યરીતી સંહીતા કલમ ૩૪ મુજબ વાદી બેંક ૬% વ્યાજ મેળવવા હકકદાર હોય મુદા નં. **૨** નો ઉત્તર "અંશતઃ હકારમાં **આપવામાં આવેલ છે, વધુમા** પ્રતિવાદીને નોટીસની બજવણી કરવા છતાં પ્રતિવાદીએ તરફે આ કામે વાંધાજવાબ રજૂ કરવામાં આવેલ નથી તેમજ પ્રતિવાદી તરફે વાદી બેંક તરફથી આવી કોઈ લેણાની રકમ બાકી નીકળતી ન હોય તેવી હીકકત સોગંદ ઉપર જાહેર કરવામાં આવેલ નથી કે વાદી બેંકની હકીકતોનો ઈન્કાર કરતો કોઈ ખંડનાત્મક પુરાવો પણ રજૂ કરવામાં આવેલ નથી. જેથી હાલના કેસના સંજોગો જોતા પ્રતિવાદી વિરુધ્ધ અનુમાન કરવા અદાલત પ્રેરાય છે. જેથી વાદી બેંક લેણી રકમ પ્રતિવાદી પાસેથી વસુલ કરવા હકકદાર હોવાનું સાબિત કરી શકેલ છે. **જેથી મુદ્દા નંબર ૧, ૨ અને ૩ ની ચર્ચા મુજબ માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર**

હોય મુદ્દા નંબર ૪ નો જવાબ અંશત: હકારમાં આપી મુદા નં. **૫** નો પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

-:: હુકમ ::-

(૧) વાદી બેંકનો દાવો આથી અંશત: મંજૂર કરવામાં આવે છે.

(૨) વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૪,૬૧,૯૦૦/ (અંકે રૂપીયા ચાર લાખ એકસઠ હજાર નવસો પુરા) દાવા દાખલ તારીખથી વાર્ષિક ૬% ટકાના વ્યાજથી લેણી રકમ વસુલ થાય ત્યાં સુધી મેળવવા હકકદાર બનતા હોવાનું આથી ઠરાવવામાં આવે છે. તેમજ જો પ્રતિવાદી ઉપરોકત રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વાદી પ્રતિવાદીની જાત મિલ્કત તેમજ દરેક પ્રકારની સ્થાવર જંગમ મિલ્કતમાંથી મેળવવા હકકદાર રહેશે.

(૩). વાદીને થયેલ દાવા ખર્ચ પ્રતિવાદીઓએ ચુકવવો.

(૪). હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા. ૧૧ મી, માહે – ઓગસ્ટ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ :– ધનસુરા
તા. :– ૧૧/૦૮/૨૦૨૬

(અર્પિત એ.જાની)
પ્રિન્સીપાલ સીવીલ જજ,
ધનસુરા– અરવલ્લી
(કોડ નં. જી.જે. ૦૧૬૪૪)